આમોદમાં હવે વારંવાર મગર દેખાય છે

પૂરસા અને પશુ દવાખાના રોડ બાદ વાડિયા ગામના માર્ગ પર વિશાળ મગર દેખાયો



ભરૂચ, આમોદ : આમોદ તાલુકામાં જાહેર માર્ગો પર વારંવાર મહાકાય મગરો દેખાવાની ઘટનાથી લોકોની ચિંતામાં વધારો થયો હતો.થોડા દિવસ અગાઉ પૂરસા ગામ તરફ જવાના માર્ગ ઉપર મગર દેખાયો હતો, ત્યારબાદ આમોદના પશુ દવાખાના રોડ ઉપર પણ મગર નજરે પડ્યો હતો.હવે આમોદ નજીક આવેલા વાડિયા ગામના માર્ગ ઉપર આશરે ૧૫ ફૂટ લાંબો વિશાળ મગર દેખાતાં લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. વાડિયા ગામના માર્ગ પર દેખાયેલા આ વિશાળ મગરને જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં.જાહેર માર્ગ પર આટલા મોટા મગરની હાજરીને પગલે લોકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા હતા.ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી મગરને પાંજરે પૂરી સુરક્ષિત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. બીજી તરફ, મગરને જોવા માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં ભીડને નિયંત્રિત કરવા આમોદ પોલીસની ટીમે પણ સ્થળ પર પહોંચવું પડ્યું હતું.આમોદ તાલુકામાં વારંવાર મગરો જાહેર માર્ગો સુધી પહોંચી જતા આસપાસના નદી-નાળા, જળાશયો અને મગરોના કુદરતી રહેઠાણોની સ્થિતિ અંગે વન વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી હતી.

વિશ્વામિત્રી સહાયક નદી હોવાથી ઢાઢરમાં મગરો વધ્યા



ઢાઢર નદી ઉત્તરથી દક્ષિણ તરફ વહીને જંબુસરના વીરજઈથી ભરૂચ જિલ્લામાં પ્રવેશે છે. તે મુખ્યત્વે આમોદ, જંબુસર અને વાગરામાંથી વહે છે. જિલ્લામાં આ નદીની લંબાઈ આશરે ૪૬ કિમી છે. આ નદી પાવાગઢના ડુંગરમાંથી (પંચમહાલના શિવરાજપુર પાસેની ટેકરીઓમાંથી) નીકળે છે. નદીની લંબાઈ ૧૪૨ કિમી છે, કુલ સ્રાવક્ષેત્ર ૪,૨૦૧ ચોરસ કિમી છે. વડોદરા અને આસપાસના વિસ્તારમાંથી વહેતી વિશ્વામિત્રી-દેવ જેવી નદીઓ ઢાઢરની મુખ્ય સહાયક નદીઓ છે. વિશ્વામિત્રીમાં મગરો મોટી સંખ્યામાં હોવાથી ઢાઢરમાં પણ મગરોની સંખ્યા વધી છે.

ઓગસ્ટમાં દોરા ગામમાંથી મગર પકડાયો હતો



આમોદના દોરા ગામમાં બેંક નજીક એક 10થી 12 ફૂટ લાંબો મહાકાય મગર અચાનક આવી ચઢ્યો હતો. રહેણાક વિસ્તાર અને ગામના મુખ્ય ભાગમાં જ આટલો મોટો મગર દેખાતાં જ આ વાત વાયુવેગે સમગ્ર ગામમાં પ્રસરતાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. સ્થાનિકોએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક વન વિભાગને આ અંગે જાણ કરી હતી.

કારેલી ગામની ઈન્ડસ્ટ્રિઝમાં કડિયા કામ કરતા શ્રમિકનું મોત

સાયણઃ મૂળ મધ્યપ્રદેશના જાંબુઆનો વતની પોપટ પારસીંગ ડામોર (ઉ.વ.૩૫) હાલ ઓલપાડના કારેલીમાં પ્લોટ નં.૬૬થી ૬૮માં આવેલી સનરાઈઝ ઈન્ડસ્ટ્રિઝના પડાવમાં રહી ત્યાં કડિયા કામ કરતો હતો. શ્રમિક પોપટ ગત રવિવારે સનરાઈઝ ઈન્ડસ્ટ્રિઝમાં ચાલી રહેલ નવા બાંધકામના મકાનમાં પ્લાસ્ટર કરી રહ્યો હતો. દરમિયાન અગમ્ય કારણસર અચાનક તેનો પગ પ્લાસ્ટર કરવાના ઝૂલા પરથી લપસતા તે નીચે પટકાયો હતો. જેથી તેને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તેને સારવાર અર્થે સાયણની જીવન રક્ષા હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેને મોત ભરખી ગયું હતું. આ બાબતે તેની સાથે કામ કરતાં વતનના શ્રમિક સુભાષ કટારાએ ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ કરી છે.

કડોદરાના સાડી ઉત્પાદક વેપારી સાથે ૪૨.૫૨ લાખની છેતરપિંડી

બે દલાલ સહિત પાંચ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

પલસાણાઃ કડોદરા ખાતે સાડી મેન્યુફેક્ચરિંગનો વેપાર કરતા એક વેપારી સાથે સુરતના બે દલાલ અને ત્રણ વેપારીએ ભેગા મળી રૂ.૪૨.૫૨ લાખની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. માલ મેળવી લીધા બાદ નિર્ધારિત સમયમાં પેમેન્ટ ન ચૂકવી દુકાનો અને ફોન બંધ કરી ફરાર થઈ જતાં કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે પાંચેય આરોપી સામે ગુનો નોંધાયો છે.

કતારગામ ખાતે રહેતા અને કડોદરામાં અકળામુખી હનુમાન મંદિર પાસે 'ક્રિષ્ના ટેક્સટાઈલ' તથા 'શ્રીરામ ક્રિષ્ના ફેશન' નામની પેઢી ધરાવી સાડી મેન્યુફેક્ચરિંગ કરતા અલ્પેશભાઈ ધીરુભાઈ સાવલીયા સાથે આ બનાવ બન્યો છે. આશરે ચાર મહિના અગાઉ દલાલ સત્યનારાયણ ગેહલોત અને દલાલ કેયુરે અલ્પેશભાઈને સારો નફો કરાવી આપવાની અને સમયસર પેમેન્ટ ચૂકવવાની ખાતરી આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ બંને દલાલોએ અલ્પેશભાઈની મુલાકાત ત્રણ અલગ-અલગ પેઢીના વેપારીઓ સાથે કરાવી હતી, જેમાં કરિશ્મા ફેશનના પ્રોપ્રાઈટર તેજારામ ચબરવાલ (અંજનીનંદન માર્કેટ, ગોડાદરા-સારોલી)ને રૂ.૧૦,૧૦,૫૨૦ની સાડીઓ, અજય ક્રિએશનના પ્રોપ્રાઈટર અજય સુરેશકુમાર ડ્યામા (આર. આર.ટી.એમ.-૧ માર્કેટ, સારોલી) ને રૂ.૧૫,૮૦,૯૫૪ની સાડીઓ તથા અભયમ એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાઈટર કુણાલ જનક શાહ (ક્રિષ્ના ટેક્સટાઈલ માર્કેટ, રિંગ રોડ)ને રૂ.૧૬,૬૦,૭૦૨ની સાડીઓ અને કાપડ મળી કુલ રૂ.૪૨,૫૨,૧૭૬નો માલ ૨૦થી ૨૫ દિવસમાં પેમેન્ટ ચૂકવવાની શરતે મોકલાવાયો હતો. માલ લીધા બાદ નિયત સમયમર્યાદા વીતી જવા છતાં વેપારીઓએ પેમેન્ટ કર્યું નહોતું. અલ્પેશભાઈએ નાણાંની માંગણી કરતાં ત્રણેય વેપારીઓએ વાયદાઓ કર્યા હતા અને ત્યારબાદ ત્રણેય વેપારીઓ તેમજ બંને દલાલો પોતાના મોબાઈલ ફોન સ્વિચ ઓફ કરી તથા દુકાનો બંધ કરી ભૂગર્ભમાં ઊતરી ગયા હતા. પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું જણાતાં અલ્પેશભાઈ સાવલીયાએ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં દલાલ સત્યનારાયણ ગેહલોત, દલાલ કેયુર, વેપારી તેજારામ ચબરવાલ, અજય સુરેશકુમાર ડ્યામા અને કુણાલ જનક શાહ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વાલોડના અંધાત્રી ગામે દીપડો પાંજરે પુરાયો



વાલોડઃ વાલોડ તાલુકાના અંધાત્રી ગામે દીપડાની અવર જવર રહેતી હોવાથી સ્થાનિકોએ રાત્રિ દરમિયાન બહાર નીકળવાનું મુશ્કેલ બન્યું હતું. આ દીપડા અંગેની જાણ સ્થાનિકોએ વાલોડ વનવિભાગ અને RCSSG મેમ્બર ઇમરાન વૈદને કરી હતી. જેથી વનવિભાગ દ્વારા અંધાત્રી ગામના ધામણીયા ફળિયામાં મુકેશભાઈ રણજીતસિંહના ખેતરની બંગલી પાસે મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં સોમવારે સવારે મારણ ખાવાની લાલચે એક 7થી 8 વર્ષનો દીપડો પાંજરામાં પુરાયો હતો. વનવિભાગના કર્મચારીઓ યોગેશ પવાર, અર્જુન ચૌધરી, સંદીપ ચૌધરી અને RCSSG મેમ્બર ઇમરાન વૈદે સ્થળ પર પહોંચી પાંજરાનો કબજો લઈ દીપડાને વાલોડ વનવિભાગની નર્સરી ખાતે લઈ જવામાં આવ્યો છે. જ્યાં પશુ ચિકિત્સક પાસે તબીબી ચકાસણી કરાવ્યા બાદ ઉપલા અધિકારીઓના માર્ગદર્શન હેઠળ દીપડાને ઊંડાણના જંગલમાં છોડવામાં આવશે મુજબનું જાણવા મળે છે.

'લોકશાહીની હત્યા' બાબતે વ્યારામાં કોંગ્રેસની પદયાત્રા



પોલીસ દ્વારા કોંગ્રેસના આગેવાનો અને ચુંટાયેલા પ્રતિનિધિઓની અટકાયત

વ્યારાઃ તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગતરોજ ભારતીય ચૂંટણી પંચની SIR પ્રક્રિયામાં ગેરરીતિ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારની ભૂમિકા સામે જનજાગૃતિ માટે વ્યારા ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાથી બાબાસાહેબ ડો.આંબેડકરની પ્રતિમા સુધી શાંતિપૂર્ણ અને બંધારણીય રીતે પદયાત્રા કાઢવામાં આવી હતી. કોંગ્રેસે કાઢેલી પદયાત્રા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયા બાદ તાપી જિલ્લા પોલીસ અને વહીવટી તંત્રએ ભાજપ સરકારના ઈશારે લોકશાહીનું ગળું દબાવતા વ્યારાનાં પૂર્વ ધારાસભ્ય પુનાજી ગામીત, તાપી જિલ્લા કોંગ્રેસનાં પ્રમુખ સહિત ચુંટાયેલા પ્રતિનિધિઓ મળી અંદાજિત 100 જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવતાં સમગ્ર ઘટનાને તાપી કોંગ્રેસ સમિતિએ ભાજપની તાનાશાહી માનસિકતા હોવાનું જણાવી વખોડી હતી. ભાજપ સરકારની આવી દમનકારી નીતિથી કોંગ્રેસનો અવાજ દબાશે નહીં. વોટ ચોર ગદ્દી છોડ અને જ્ઞાનેશકુમાર રાજીનામું આપોની અમારી લડત ચાલુ રાખવા તેમજ અટકાયત કરાયેલા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓને તાત્કાલિક મુક્ત કરવામાં નહીં આવે તો જિલ્લાભરમાં ઉગ્ર આંદોલન કરવા ચીમકી ઉચ્ચારી હતી.

કામરેજના ઘલા ગામે દક્ષિણ આફ્રિકા સ્થિત પરિવારની

૨૬ વીઘાં જમીન પર કબજો કરનારા પિતા-પુત્રો સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો

ગેરકાયદે કબજો અને શેરડીના પાકની ઉપજ લેનાર પિતા-પુત્રો ભેરવાયા

કામરેજઃ ઘલા ગામે દક્ષિણ આફ્રિકામાં રહેતા પરિવારની બે અલગ અલગ 26 વીઘાં કીમતી જમીનમાં ગામના પિતા અને બે પુત્રોએ કબજો કરી પાવરદારને જમીનમાં પ્રવેશવા નહીં દઈ પોતાની જમીન છે તેમ કહીને ધમકી આપનાર પિતા-પુત્રની ધરપકડ કરવામાં આવી હતી.

કામરેજ તાલુકાના ઘલા ગામે લુહાર ફળીયામાં મોહસીનખાન ઈબ્રાહીમ પઠાણ રહે છે. ગામમાં બ્લોક નં.827 સરવે નં.849, 850ની 24 વીઘાં તેમજ બ્લોક નં.667 અને સરવે નં.735વાળી 2 વીઘાં જમીનમાં રેવન્યુ રેકર્ડ પર ઝોહરાબીબી અબ્દુલમજીદખાન (રહે.,નીરવાના, દક્ષિણ આફ્રિકા), તાહેરાબીબી અબ્દુલમજીદ ખાન (રહે.,ક્રેસન્ટ ડ્રાઈવ, નિરવાના, દક્ષિણ આફ્રિકા), સુએદાબીબી હમીદખાન (રહે.,17,લેરોય ,બેન્ડ્રોપ,પોલોક્વાને, દક્ષિણ આફ્રિકા), ખતીજાબીબી અબ્દુલમજીદ ખાન (રહે.,03, ટ્રાગ્રાન ક્રેસન્ટ, ટ્ઝાનીન, દક્ષિણ આફ્રિકા), જમીલાબેન અબ્દુલમજીદ ખાન, ફેરીદાબીબી નઝીરઅહમદખાન, ગુલામમોહમદ નઝીરઅમહમદ ખાન, તન્ડવિર નઝીરઅહમદખાન, કાલીદ નઝીરઅહમદ ખાન (તમામ રહે.,મકાન નંબર 8, સ્લેર મેલન, દક્ષિણ આફ્રિકા) ની 24 વીઘાં જમીન આવેલી છે. જમીનના મૂળ માલિક પાસેથી 2008માં સકીનાબીબી વઝીરખાન પઠાણે લીધી હતી. જેઓ વિદેશમાં રહેતા હોવાથી પુત્ર નઝીરખાન મજીદખાનના નામે વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. સકીનાબીબીની વિદેશ રહેતા હોવાથી નણંદ સાબેરાબીબી તથા તેમનો પુત્ર મોહમદ ઉમરખાન ઐયુબખાન પઠાણ, હુઝૈફાખાન ઐયુબખાન પઠાણને દેખરેખ માટે આપી હતી. બાદ સકીનાબીબીનું દક્ષિણ આફ્રિકામાં ગત તા.8-9-2009ના રોજ અવસાન થતાં જમીનમાં વારસાઈ કરવાની વિદેશમાં રહેતા વારસદારો ઝોહરાબીબી અબ્દુલ મજીદખાન (પુત્રી), નઝીર અહમદ અબ્દુલ મજીદખાન (પુત્ર), તાહેરાબીબી અબ્દુલ મજીદખાન (પુત્રી), ખતીજાબીબી અબ્દુલ મજીદખાન (પુત્રી), તાહેરાબીબી અબ્દુલ મજીદખાન(પુત્રી), ખતીબાબીબી અબ્દુલ મજીદખાન (પુત્રી), સાબેરા અબ્દુલ મજીદખાન (પુત્રી), જમીલાબીબી અબ્દુલ મજીદખાન (પુત્રી) જમીનમાં માલિકો તરીકેના નામો દાખલ કર્યાં હતાં. બાદ સાબેરા, નઝીરનું પણ અવસાન થતાં તેમના વારસદારોનાં નામ જમીનમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. ગત તા.17-4-25ના રોજ જમીનનો વહીવટ કરવા માટે મોહસીનખાન પઠાણ પાવર ઓફ એટર્ની દક્ષિણ આફ્રિકાથી કરીને મોકલી હતી. જમીનની દેખરેખ કરવા માટે જતાં મોહમદ ઉમરખાન ઐયુબખાન પઠાણ અને તેમનો પુત્ર હમઝાખાન મોહમદ ઉમરખાન પઠાણ, હુઝૈફા ઐયુબખાન પઠાણે જમીનમાં જતાં રોકી અને જણાવ્યું કે, આ જમીન મારી માતા સાબેરાબીબીની છે અને મારી માતાએ આ જમીન કોઈને પણ વેચાણથી આપી નથી આમ કહીને ધમકી આપી જમીનમાં પ્રવેશ કરવા ન દેતાં વકીલ સમીરસિંહ ધરિયા દ્વારા કલેક્ટરમાં લેન્ડ ગ્રેબિંગની ઓનલાઈન ફરિયાદ કરવામાં આવી હતી. બાદ કામરેજ પોલીસે પિતા પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં ત્રણેય પિતા પુત્ર જમીનમાં શેરડીનો પાક આજદિન સુધી બનાવીને પાકનું વળતર પણ લેતા હતા.

માંડવીમાં પુષ્પક હોસ્પિટલ નજીક કચરાના ઢગલામાં આગ ભભૂકી



માંડવીઃ માંડવી નગરપાલિકા વિસ્તારમાં વી.એફ. રોડ પર આવેલ પુષ્પક હોસ્પિટલની સામે રહેતા ભંગારના વ્યવસાયી યુનિસભાઈ અમનભાઈ શેખના ઘરની બાજુમાં આવેલી દીવાલ પાસેના કચરાના ઢગલામાં અગમ્ય કારણોસર અચાનક આગ ફાટી નીકળી હતી. કચરાના ઢગલામાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટના અંગેની જાણ તાત્કાલિક માંડવી ફાયર બ્રિગેડને કરવામાં આવતા, ફાયર ફાઈટરોની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Drishyam:The Conclusion
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
The Vvaan - 11:00am
Hanuman Ansh - 02:00pm
Mitrata-Gujarati- 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

વડગૃપ ગ્રામપંચાયત

તા:- માંગરોળ જી:- સુરત

આથી હરાજીમાં રસ ધરાવતા ઇસમો માટે માંગરોળ તાલુકાનાં વડ ગામે જર્જરીત આંગણવાડી કેન્દ્ર-રનું જુનુ મકાન બાંધકામ તોડવાની તથા કાટમાળ લઇ જવાની જાહેર હરાજી તા. ૧૪/૧૦/૨૦૨૬નાં બુધવારનાં સવારે ૧૧:૩૦ કલાકે વડગૃપ ગ્રામ પંચાયત તા. માંગરોળ, જી.-સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઇચ્છતા ઇસમોને હાજર રહેવા વિનંતી છે.
હરાજી શરતોને આધીન રહેશે.

સરપંચશ્રી
વડગૃપ ગ્રામ પંચાયત, તા-માંગરોળ, જી-સુરત

જાહેર હરાજી

આથી હરાજીમાં રસ ધરાવતા ઇસમો માટે માંગરોળ તાલુકાના ઓગણીસા ગામે જર્જરીત આંગણવાડી કેન્દ્ર-૦૧નું જુનું મકાન બાંધકામ તોડવાની તથા કાટમાળ લઈ જવાની જાહેર હરાજી તા. ૧૪/૧૦/૨૦૨૬નાં રોજ બુધવારનાં સવારે ૧૧:૩૦ કલાકે રાજીવગાંધી ભવન ઓગણીસા ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઇચ્છતા ઇસમોને હાજર રહેવા વિનંતી છે. હરાજી શરતોને આધીન રહેશે.

તલાટી કમ મંત્રી	સરપંચશ્રી
ઓગણીસા ગૃપ ગ્રામ પંચાયત, તા.માંગરોલ, જી.સુરત	ઓગણીસા ગૃપ ગ્રામ પંચાયત, તા.માંગરોલ, જી.સુરત

PUBLIC NOTICE

This is to inform the general public that Bank of Baroda, Vyara Branch, Surat intends to accept the under mentioned properties standing in the name of Shri Natwarlal Harivallabhbhai Khant and Leased out to M/s. Samarth Rise; a partnership Firm having its registered Property bearing Khata No. 976, Block No. 243 OLD BLOCK NO. 218 OPP RAMI FARM admeasuring 12842 sq. mtrs. situated at Village: Kapura, Taluka: Vyara, District: Tapi, Surat as a security for a loan / credit facility requested/availed by said M/s. Samarth Rise; a partnership Firm (Borrower). In case anyone has got any right title / interest / claims over the under mentioned property/ies, they are advised to approach the Bank within 10 days along with necessary proof to substantiate their claim. If no response is received within 10 days, it is presumed that the property is free of any charge / claim / encumbrance and Bank shall proceed with the mortgage.

:: Details of Property ::

Non - Agricultural land and Building bearing Khata No. 976, New Block No. 243 (Old Block No. 218) admeasuring 12842.00 sq. mtrs. situated at Opposite Rami Park are of Village: Kapura, Sub-District : Vyara, District: Tapi belonged to Shri Natwarlal Harivallabhbhai Khant Bounded by

North by : Block No. 242.
South by : Block No. 245.
East by : Block No. 244.
West by : Vyara - Unai Road;

(DATE: 13-10.-2026)

Bank of Baroda,
VYARA Branch, TAPI
Contact No. –8980026698

SURENDRA O. SARASWAT
(ADVOCATE)
F-6 -7, D. G. POINT, PARVAT PATIA,
SURAT MO. NO. 99250-13933

સંક્ષિપ્ત સમાચાર

ફૂલવાડી ચોકડી પાસે અકસ્માતમાં એકનું મોત



નેત્રંગ: નેત્રંગની ફૂલવાડી ચોકડીથી કેવડી રોડ પર મોટા જાંબુડા ગામ નજીક ગત શનિવારે રાત્રે ખેતરેથી મોટરસાઇકલ પર ઘરે પરત ફરી રહેલા ૪૬ વર્ષીય રાજીવભાઈ વસાવાને પૂરઝડપે આવતી ઈકો કારના ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં રાજીવભાઈનું ઘટના સ્થળે જ બેભાન થયા બાદ સરકારી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ઈકો કારનો ચાલક અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો. મૃતકના પુત્ર પીયૂષની ફરિયાદના આધારે નેત્રંગ પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સ્યાદલા ગામમાં વેઇટરનું અચાનક મોત

કીમ: સ્યાદલા ગામે એક સિલ્ક ઇન્ડસ્ટ્રીના ઉદઘાટન કાર્યક્રમ દરમિયાન વેઇટર તરીકે કામ કરવા આવેલા 61 વર્ષીય આધેડનું અચાનક મોત થયું હતું. પ્રાપ્ત વિગતો મુજબ સુરતના ભટાર ચાર રસ્તા પાસે શિવ કોમ્પ્લેક્સની સામે ફૂટપાથ પર રહેતા રામસિંગ કાલુસિંગ થાપા (ઉ.વ. 61) સ્યાદલા ગામે આવેલા સ્વસ્તિક સિલ્ક ઇન્ડસ્ટ્રિયલના ઉદઘાટન કાર્યક્રમમાં વેઇટર તરીકે કામ કરવા આવ્યા હતા. તેઓ પોતાના શેઠ સુનીલભાઈ વર્મા સાથે કાર્યક્રમમાં હાજર હતા. દરમિયાન 11 ઓક્ટોબર, 2026ના રોજ સવારે આશરે 11 વાગ્યાના અરસામાં તેમને અચાનક ચક્કર આવતાં તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. ત્યારબાદ તેઓ બેભાન થઈ જતાં મોત થયું હતું.

મોસાલી ચોકડી પાસે પશુ ભરેલો ટેમ્પો ઝડપાયો

વાંકલ: માંગરોળ પોલીસ દ્વારા મોસાલી ચોકડી પાસે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન પશુઓની ગેરકાયદે હેરાફેરી કરતા ટેમ્પો નં.(GJ-05-CW-9232)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બનાવમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી. ઝડપાયેલા આરોપીઓમાં મહેબુબ મુસ્તુફા શેખ (રહે.,લિંબાયત, સુરત) અને મસ્તાન અબ્બાસ કુરેશી (ઉ.વ.૩૫) (રહે.,લિંબાયત, સુરત, મૂળ મલકાપુર, જિ.બુલડાણા, મહારાષ્ટ્ર)નો સમાવેશ થાય છે. પોલીસે પાંચ પશુ, આઇસર ટેમ્પો અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કેસમાં પશુઓ ભરી આપનાર યુસુફભાઈ (રહે.,શિલુડી, તા.વાલિયા, જિ.ભરૂચ) અને ટેમ્પોના માલિક ઝાકીર મુનાફ સૈયદ ઉર્ફે સમીર (રહે.,રઝા નગર, સુરત)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

ઓલપાડના સ્યાદલામાં મિત્રને મળવા જવાનું કહી ઘરેથી નીકળેલો યુવક ગુમ

કીમ: ઓલપાડના સ્યાદલા ગામમાં આવેલી રાજમંદિર રેસિડેન્સીમાંથી 40 વર્ષીય સંતોષ નાગેન્દ્ર દલાઈ ગુમ થતાં કીમ પોલીસ સ્ટેશનમાં ગુમ જાણવા જોગ નોંધ કરવામાં આવી છે. સંતોષ તા. 9 ઓક્ટોબર 2026ના રોજ રાત્રે આશરે 10:15 વાગ્યાના અરસામાં પોતાના મિત્ર વિક્રમ ઉર્ફે બહાનને મળવા જવાનું કહી ઘરેથી નીકળ્યો હતો. ત્યારબાદ પરત ન ફરતા કીમ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં ગુમ જાણવા જોગ નોંધ કરવામાં આવી હતી.

લીંબાડામાં કરંટ લાગતાં કર્મચારી ઘાયલ

હથોડા: લિંબાડા ગામની સીમમાં દિલીપસિંહ ગોહિલના ખેતરે વીજ પોલ પર જમ્પર જોઇન્ટ કરતી વખતે તરસાડીના ૨૧ વર્ષીય વાયરમેન મેહુલભાઈ જયંતીલાલ વસાવાને અચાનક વીજ કરંટ લાગ્યો હતો. આ દુર્ઘટનામાં ગંભીર ઇજા પામેલા યુવાનને પ્રથમ તરસાડીની એપેક્ષ હોસ્પિટલમાં અને બાદમાં વધુ સારવાર માટે સુરતની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. કોસંબા પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

કોસમાડી પાટિયા પાસે સળિયા ચોર પકડાયા

કામરેજ: કામરેજના આસ્તા ગામની સીમમાં આવેલી સાઇના ટેક્સટાઈલની બાંધકામ સાઈટ પરથી રૂ.૧.૮૦ લાખની કિંમતના ૪૦૦૦ કિલો લોખંડના સળિયાની ચોરીનો મામલો સામે આવ્યો છે. બિલ્ડર મયૂર રામાણી (મૂળ-અમરેલી, ફાચરીયા અને હાલ કામરેજ, નવાગામ, અંબા લક્ઝરિયા ફ્લેટ નં.જી-401)ની ફરિયાદ બાદ કામરેજ પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે કોસમાડી પાટિયા પાસે વોચ ગોઠવી આઈસર ટેમ્પોમાં ચોરેલા સળિયા લઈ નવસારી તરફ જઈ રહેલા સોનવાડાના રિયંક પટેલ, તલાવચોરાના આયુષ પટેલ અને મુનસાડના રોહિત હળપતિને ઝડપી પાડ્યા હતા. પોલીસે ટેમ્પો, સળિયા અને મોબાઈલ મળી કુલ રૂ.૪.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ચોરીનો મુખ્ય સૂત્રધાર રાજુ પુરોહિત, કૌશિક પટેલ, દીપક પવાર અને અન્ય ૬ અજાણ્યા ઈસમ ફરાર થઈ જતાં પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે.

નેત્રંગમાં દારૂ પી વાહન ચલાવતા ૧૫ ઝડપાયા

નેત્રંગ: શનિ-રવિની રજામાં મોટી સંખ્યામાં સહેલાણીઓ બાઇક અને ફોરવ્હીલ લઈને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા-સાગબારા તરફ ફરવા અને પિકનિક માટે જાય છે અને સાંજના સમયે પરત ફરતી વખતે કેટલાક લોકો દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવતા હોય છે. આ બાબતને ધ્યાને લઈ નેત્રંગ-ડેડિયાપાડા રોડ પર અલગ-અલગ જગ્યાએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન કંચન શંકર વસાવા, કિરણ દિલીપ વસાવા, જયેશ જોગીન્દ વસાવા, અરવિંદ રવજી વસાવા, આશિષ કમલેશ વસાવા, મિતેશ હસમુખ વસાવા (તમામ રહે.,નલધરી, તા.વાલિયા, જિ.ભરૂચ), રોહિત રાયજી વસાવા (રહે.,સિલુડી, તા.વાલિયા), મનોજ પ્રફૂલ વસાવા, અલ્પેશ કાલિદાસ વસાવા (બંને રહે.,નિકોરા, તા.જિ. ભરૂચ), વિશાલ મહેશ વસાવા (રહે.,મંગલેશ્વર, ભરૂચ), નિતેશ ઉમેદ વસાવા (રહે.,અડોલ, તા.અંકલેશ્વર), ચેતન મણીલાલ રાઠોડ (રહે.,દંત્રાઈ, તા.હાંસોટ), મનીષ રમેશ રાઠોડ (રહે.,સુગેવપુર, તા.હાંસોટ), સંજય રાયસિંગ વસાવા (રહે., સામરપાડા, તા.ડેડિયાપાડા), ભાવેશ અરવિંદ રાઠોડ (રહે.,ભટગામ, તા.ઓલપાડ) ઝડપાઈ જતાં તમામ વિરુદ્ધ નેત્રંગ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.